
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**તુ તારે સો રૂપિયાના કાકા... ટાંકી ફૂલ કરી છે... કોરોના થયો ત્યારે રોજના દશ હજારનો ઓક્સિજન મારામાં પૂરાતો હતો... આ તો કાંઈ નથી...**

# સિમેન્ટના કોથળાની આડમાં અમદાવાદ લઈ જવાતો બે લાખથી વધુનો દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

રાજસ્થાન થી ગુજરાતમાં ઠલવાતો વિદેશી દારુનો મોટો જથ્થો અડાલજ પોલીસે પકડી પાડ્યો છે. ટ્રકમાં સિમેન્ટના કોથળાની આડમાં અમદાવાદ લઈ જવાતો ૨૪૦૦ બોટલ દારૂનો જથ્થો માર્ગમાં જ પકડાઈ ગયો હતો. અડાલજ પોલીસે દારુ, ટ્રક, સિમેન્ટ જેવો વ્હાઈટ પાવડર મળી કુલ રૂ.૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી બુટલેગરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા ગેરકાયદેસર ચાલતી દારૂની હેરાફેરી પર અંકુશ મેળવવા કડક સુચના આપી હતી. જેને પગલે અડાલજ પોલીસ મથકના ઈન્સ્પેક્ટર જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ ગજેન્દ્રસિંહ ને બાતમી મળી હતી કે રાજસ્થાન થી દારૂ ભરેલી ટ્રક અમદાવાદ તરફ આવી રહી છે. જેથી પોલીસે માર્ગ પર આડશ ઉભી કરી પોલીસ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. પોલીસને બાતમીવાળી ટ્રક દેખાતા નજીક આવતા જ જવાનોએ તેને કોર્ડન કરી લીધી હતી. બાદમાં પોલીસે ટ્રકની અંદર તપાસ કરતા વ્હાઈટ કલરના પાઉડરના કોથળા ભરેલા હતા.પરંતુ પોલીસે કોથળા હટાવતા જ દારૂ ભરેલી પેટીઓ નજરે પડી હતી. પોલીસે ડ્રાઈવરની પુછતાછ કરતા તેને તેનુ નામ રાજુનાથ મોહનનાથ યોગી (રહે.ભીલવાડા રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. ભીલવાડાના બુટલેગર મુકેશ તૈલીએ ટ્રકમાં દારૂનો જથ્થો ભરીને અમદાવાદ ચાંદખેડાના બુટલેગરને આપવાનો હોવાનુ સામે આવ્યું હતું. ત્યારે પોલીસે રૂ.૨.૦૪ લાખની ૨૪૦૦ નંગ વિદેશી દારુની બોટલ, રૂ.૧૫ લાખનો ટ્રક, રૂ.૯૮ હજારનો સિમેન્ટ જેવો સફેદ પાઉડર મળી કુલ રૂ.૧૮.૦૨ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી ડ્રાઈવરને પકડી પાડી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી રાજસ્થાન અને અમદાવાદના બુટલેઘરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



## શહેરીજનોને સાયબર ફ્રોડથી સાવચેત રહેવા પોલીસની અપીલ

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં સાયબર ક્રાઈમના ગુના પણ સવિશેષ બની રહ્યા છે. ઠગ ટોળકી ગમે તે બહાને લોભામણી લાલચો આપી વિશ્વાસ કેળવી નાગરીકો સાથે ઓનલાઈન છેતરપિંડી કરતા હોય છે. ત્યારે હવે શાળા કે કોલેજમાં એડમીશન માટે પણ સાયબર ફ્રોડના કિસ્સા ધ્યાને આવ્યા છે. ત્યારે સ્કુલ કે કોલેજમાં એડમીશન માટે થતા સાયબર ફ્રોડ થી નાગરીકોને સાવચેત રહેવા માટે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અપીલ કરાઈ છે. જેમાં ઓનલાઈન એડમિશન માટે સિકયોર વેબસાઈટનો ઉપયોગ કરવો, એડમિશન માટે ફોન કરી મોબાઈલમાં ઓટીપી આવે તો તે કોઈને આપવો નહી, આપના મોબાઈલ ફોનમાં એડમિશન માટે એસએમએસ અથવા કોઈપણ માધ્યમથી લીક આપવામાં આવે તો ખરાઈ કર્યા બાદ વ્યકિતગત માહિતી અપલોડ કરવી, સ્કુલ અથવા કોલેજમાં એડમિશન અપાવવા માટે ટેલિફોનથી પર્સનલ માહિતી ન આપવા માટે સાયબર ક્રાઈમ પોલીસ મથક ગાંધીનગર રેન્જ દ્વારા જણાવાયું છે.

## શેરથા કસ્તુરીનગરમાં બંધ મકાન ખાતે ત્રસ્કરો ત્રાટક્યા : ૧.૫૩ લાખની મત્તાની ચોરી

શેરથા ઈફકો ટાઉનશીપ કસ્તુરીનગર ખાતે બંધ મકાનમાં ત્રાટકીને તસ્કરો એ રૂ. ૧.૫૩ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી પેટી પલંગના દરાજમાં મુકેલા સોના -ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત મોંઘીદાટ ઘડીયાળો પણ ચોર શખ્સો ઉઠાવી ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

શેરથા કસ્તુરી નગર ઈફકો ટાઉનશીપ ડી.-૧૭ ખાતે રહેતા સુભાષચંદ્ર આત્મારામ ચંદર (ઉ.૫૬) ઈફકો કંપનીમાં ઈલેકટ્રીકલ મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૧૨ જુનના રોજ હરીયાણા ગુડગાવ ખાતે રહેતા પુત્ર અંકુરને મળવા માટે ગયા હતા. તે દરમિયાન તેમના બંધ મકાનનો લાભ ઉઠાવી તસ્કરો મકાનમાં પ્રવેશ્યા હતા. બાદમાં તસ્કરોએ બેડરૂમમાં મુકેલી પેટી પલંગના બંન્ને બાજુના દરવાજા ખોલી ઘરનો તમામ સામાન વેરવિખેર કરી નાંખ્યો હતો. જયારે બેડરૂમમાંથી ડાયમંડના પેન્ડલવાળો સેટ નંગ-૧, સોનાના કડા નંગ-૩, કાંડા ઘડીયાળ-૨, ચાંદીના સિક્કા-૧૦, અને રૂ.૧૫ હજાર રોકડા મળી કુલ રૂ.૧.૫૩ લાખના મત્તાની ચોરી કરી નાસી છુટ્યા હતા. ગુરુવારના રોજ સવારે સુભાષચંદ્ર ઘરે આવ્યા તે સમયે મકાનનો મુખ્ય દરવાજો તેમજ લોક તુટેલુ હતું. તે જોઈને તેઓને ઘરમાં ચોરી થઈ હોવાનો અંદાજ આવ્યો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તસ્કરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



કોરોના મહામારીના કેસોની સંખ્યા હાલ તો ખૂબ જ નિયંત્રણ હેઠળ આવી ગઈ છે પરંતુ આગામી સમયમાં તેની ત્રીજી લહેર ત્રાટકી ફરી હાહાકાર મચાવી શકે છે તેવી શકયાઓ નિષ્ણાંતો દ્વારા વ્યકત કરવામાં આવી રહી છે. જેથી સરકાર વેકિસનેશન પર વધુ ધ્યાન આપી રહી છે. બીજી તરફ નાગરિકો પણ હવે કોરોનાથી બચવા વેકિસન લેવા સજાગ બન્યાં છે. સે-૨માં ચાલી રહેલા વેકિસનેશન કેન્દ્ર ખાતે નાગરિકો સ્વેચ્છાઓ વેકિસન લેવા સારી એવી સંખ્યામાં આવી રહ્યા છે.

## ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના જનરલ સેક્રેટરી તરીકે ડૉ. રણછોડ રથવીની વરણી



ગાંધીનગર, તા.૨૫

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાનાં જનરલ સેક્રેટરી તરીકે સર્વાનુમતે પ્રોફેસર કડી કેમ્પસ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર અને રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનીત ડૉ. રણછોડ રથવી અને આસીસ્ટન્ટ સેક્રેટરી તરીકે સેવાને સમર્પિત એવા અશ્વિનભાઈ દવેની વરણી કરવામાં આવી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરસૂરિશ્વરજી મહારાજ ગાંધીનગરમાં ચાતુર્માસ કરશે

ગાંધીનગર તા.૨૫

જૈન ધર્મમાં ચાતુર્માસનું મહત્વ ખુબ જ અનેરું છે અને આ વર્ષે પ્રાપ્ત માહિતી અનુસાર કોબા શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર જૈન તીર્થ ખાતે બિરાજમાન રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મ સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ ગાંધીનગરમાં ચાતુર્માસ કરવા પધારશે જેનો લાભ શહેરીજનોને પ્રાપ્ત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે કોબા ખાતેના શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર જૈન તીર્થ ખાતે આચાર્ય શ્રીમદ્ પદમ સાગરસુરિશ્વરજી મહારાજ રાષ્ટ્રસંત તરીકે સુપ્રસિદ્ધ છે. તેમની વાણી-વિચારો અને ઉપદેશ ખૂબ જ મહત્વ ધરાવે છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પણ ગાંધીનગરની મુલાકાત વખતે તેમના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ મેળવી ચુક્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોબા ખાતેના શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર સ્થિત આચાર્ય કૈલાસસાગર સૂરિજી જ્ઞાનમંદિર ખાતે આચાર્ય પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં જ્ઞાનમંદિરની સ્થાપના, ભારતની વિવિધ ભાષા-લિપિઓમાં ઉપલબ્ધ અંદાજે બે લાખ હસ્તલિખિત જૈન ગ્રંથો, વિવિધ મેગેઝીન, ભારતની અમૂલ્ય ધરોહર સમાન અતિ પ્રાચીન અને ૧૦૦૦ વર્ષ જૂની દુર્લભ પાંડુલિપિઓનો અમૂલ્ય સાહિત્યિક ખજાનો સચવાયેલો છે. રાષ્ટ્રપતિ કોવિંદ વર્ષ ૧૯૯૪માં રાજ્યસભાના સભ્ય હતા ત્યારે રાષ્ટ્રસંત આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી સાથે તેમનો પ્રથમ પરિચય થયો હતો અને ત્યારથી તેઓ સતત આચાર્ય સાથે રૂબરૂ અથવા પત્રવ્યવહારના માધ્યમથી સંપર્કમાં છે. કોવિંદ ભારતના રાષ્ટ્રપતિ પદે બિરાજમાન થયા બાદ રાષ્ટ્રસંત પદ્મસાગર સૂરીશ્વરજીના જન્મોત્સવની ઉજવણી પ્રસંગે પ્રથમવાર મહેસાણા-ગુજરાતની મુલાકાતે પણ આવ્યા હતા. આવા રાષ્ટ્રસંત ગાંધીનગરમાં ચાતુર્માસ કરવા પધારવાના છે ત્યારે શહેરના જૈન શ્રદ્ધાળુઓમાં ઉલ્લાસ અને ઉમંગ પ્રવર્તી રહ્યો છે.




### વટવાના ૭૦૦ જેટલા ઉદ્યોગોને મળશે લાભ

## 'વેસ્ટ વૉટર ટ્રીટમેન્ટ' ક્ષેત્રે રાજ્યમાં શરૂ થયો વિકાસનો નવો અધ્યાય

**ગુજરાતે ક્લાઈમેન્ટ ચેન્જ - ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે પર્યાવરણ સંવર્ધન માટેનો વાતાવરણ શુદ્ધિનો માર્ગ દેશને બતાવ્યો છે : વિજય રૂપાણી**

ગાંધીનગર,તા.૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદની વટવા ઔદ્યોગિક વસાહતમાં રૂ. ૭૦ કરોડના ખર્ચે નવનિર્મિત ૩૦ એમ.એલ.ડી. વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનો કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકરની નવી દિલ્હી થી વર્ચ્યુઅલ ઉપસ્થિતીમાં ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સથી લોકાર્પણ કર્યો હતો.

ગ્રીન એન્વાર્યમેન્ટ સર્વિસિસ કો-ઓપરેટિવ સોસાયટી દ્વારા અદ્યતન ટેકનોલોજીના વિનિયોગથી ફેન્ટમ કેટલીક રિએકટર ટેકનોલોજી સજ્જ આ પ્લાન્ટનો લાભ વટવા જી.આઈ.ડી.સી.ના ૭૦૦ જેટલા ઉદ્યોગોને મળશે. આ પ્રોજેક્ટથી વટવા ઔદ્યોગિક વિસ્તાર વેસ્ટ વોટરના નિકાલ અંગેના ૧૦૦ ટકા નોર્મ્સનું પાલન કરતો વિસ્તાર બની જશે.

મુખ્યમંત્રીએ આ ગ્રીન એન્વાયરમેન્ટ કો-ઓપરેટીવ સોસાયટીને અભિનંદન આપતા કહ્યું કે, અમદાવાદના વટવા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના ઉદ્યોગગૃહોએ સાથે મળીને સહકારીતાના આધાર ઉપર દુષિત પાણીને શુદ્ધ કરવાના અત્યાધુનિક પ્રોજેક્ટની સ્થાપના કરી છે તે અભિનંદનને પાત્ર છે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં હંમેશા પર્યાવરણ રક્ષા સાથેના ઔદ્યોગિક અને સર્વગ્રાહી વિકાસને પ્રાધાન્ય આપ્યું છે.

ગુજરાતમાં આપણે સમય સાથે કદમ મિલાવતા વોટર મેનેજમેન્ટ, ઘરગથ્થું ગંદા પાણીના શુદ્ધિકરણ અને રીયુઝ ઓફ ટ્રીટેડ વોટર, સોલાર પોલિસી, ઈલેકટ્રીક વ્હીકલ પોલિસી જેવા અભિગમ અપનાવી કલાઈમેટ ચેન્જ-ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે પર્યાવરણ રક્ષા અને વાતાવરણ શુદ્ધિનો દેશને માર્ગ બતાવ્યો છે.

ઔદ્યોગિક એકમોના ગંદા પાણીના શુદ્ધિકરણ અને નિકાલ માટે રાજ્યમાં સી.ઈ.ટી.પી.ને વેગ આપીને ૭૫૦ થી વધુ એમ.એલ.ડી પાણી શુધ્ધિકરણ ક્ષમતાના ૩૫ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે અને ૧૯ જેટલા નવા પ્લાન્ટનું આયોજન છે.




# રૂપિયા લઈ ટિકિટ ન આપવી એ પણ ભ્રષ્ટાચાર છે : કોર્ટ

**એસટી કન્ડક્ટરે મુસાફરને ટિકિટ ન આપતા ફસાયા : કન્ડક્ટરની સજા ઈન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલે રદ કરી હતી પણ હાઈકોર્ટમાં તેને પડકારતા સજાને યથાવત રાખાઈ**

ગુજરાત સ્ટેટ રોટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસના કન્ડકટરને રુ. ૬ ની કટકી કરવી ખૂબ ભારે પડી રહી છે. પેસેન્જર પાસેથી રુપિયા લઈને ટિકિટ ન આપવા બાબત રંગે હાથ પકડાયેલા કન્ડકટરને સજા સ્વરુપે વિભાગ દ્વારા કાયમી ધોરણે ૬ મહિના માટે તેમનો પગાર વધારો અટકાવી દેવામાં આવ્યો હતો. જેના વિરુદ્ધમાં કન્ડકટરે ૧૮ વર્ષ સુધી કાયદાકીય લડત લડી જોકે ગુજરાત હાઈકોર્ટે આપેલા તાજેતરના ચુકાદાથી તેમની આ લડત પાણીમાં વહી ગઈ છે. ગુજરાત હાઈકોર્ટે ટ્રિબ્યુનલના આદેશને રદ કરતા કહ્યું કે મુસાફર પાસેથી રુપિયા લેવા પરંતુ ટિકિટ ન આપવી તે કોઈ ગેરજવાબદારીનું કૃત્ય નહીં પરંતુ ભ્રષ્ટાચારનું કાર્ય છે. કન્ડકટર રમેશભાઈ કંડોરિયા કે જેઓ જામનગર કાલાવડ ધોરાજી રુટ પરની બસમાં ફરજ બજાવતા હતા. ૫ ઓગસ્ટ ૨૦૦૩ના દિવસે ફરજ દરમિયાન ચેકિંગમાં મળી આવ્યું કે તેમણે એક પેસેન્જર પાસેથી રુ.૬ લીધા હતા જોકે તેને ટિકિટ આપી નહોતી. તેમના વિરુદ્ધ ઈક્વાયરી બેઠી હતી. જેમાં કન્ડકટરે ગુનો કર્યો હોવાનું પુરવાર થતા વિભાગે તેમને સજા રુપે કાયમી ધોરણે ૬ મહિના માટે તેમનો પગાર વધારો અટકાવી દીધો હતો. એસટી વિભાગના આ નિર્ણય સામે કંડોરિયાએ ઈન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલમાં ફરિયાદ કરી હતી. જોકે તેમણે ઈક્વાયરીના પરિણામ સામે કોઈ પ્રશ્ન ઉઠાવ્યો નહોતો. જે બાદ ટ્રિબ્યુનલે વર્ષ ૨૦૧૪માં પોતાનો ચુકાદો આપતા વિભાગ દ્વારા કંડોરિયાને કરવામાં આવેલી સજાને રદ કરી હતી અને આદેશ આપ્યો હતો કે વિભાગે તેમના અત્યાર સુધીના બાકી નિકળતા નાણાં ચૂકવી દેવા. તેમજ મળવાપાત્ર દરેક લાભ ચૂકવવા માટે આદેશ કર્યો હતો. આ ઉપરાંત ટ્રિબ્યુનલે તેમના વિરુધ્ધ કરવામાં આવેલી ઈક્વાયરીને પણ રદ કરી હતી. ટ્રિબ્યુનલના આદેશ બાદ રાજકોટ ડિવિઝનલ મેનેજરે હાઈકોર્ટમાં ટ્રિબ્યુનલના ચુકાદાને પડકાર્યો હતો. વિભાગે હાઈકોર્ટમાં કહ્યું કે ટ્રિબ્યુનલે સજા રદ કરવા સાથે ઈક્વાયરીને પણ રદ કરી હતી જ્યારે કન્ડકટરે પોતાની અરજીમાં ઈક્વાયરી અને તેના નિષ્કર્ષ અંગે કોઈ બચાવ અરજી કરી નહોતી. આ ઉપરાંત વિભાગે હાઈકોર્ટમાં સુપ્રીમ કોર્ટનું એક ઓબ્ઝર્વેશન પણ રજૂ કર્યું હતું જેમાં સર્વોચ્ચ કોર્ટે કહ્યું હતું કે ટ્રિબ્યુનલ ગોલ્ડન સ્કેલના આધારે ફરજ પર બેદરકારી બદલ કરવામાં આવેલી પેનલ્ટીને ઓછી કરી શકે નહીં. જ્યારે ઈક્વાયરી કાયદેસર હોય ત્યારે તેની સજા મામલે ટ્રિબ્યુનલ દખલગીરી કરી શકે નહીં.

## ખૂણેખાંચરેથી

- કોરોનાની મહામારીમાં મનપાના બે કર્મચારીઓએ જીવ ગુમાવ્યા છે. એક મેલેરિયા શાખાનો કર્મયોગી અને એક આઉટ સોર્સિંગમાં કામ કરતા સફાઈ કામદારનો સમાવેશ થાય છે.
- રાજ્યના મહિલા આયોગ અને મહિલા બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે જાતીય સતામણીના કચેરીમાં થતા કેસો અંગે આજે ખાસ વેબિનારનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગર કલેક્ટર કચેરીમાં જનસેવા કેન્દ્ર પાસે લોકોની જે ભીડ થાય છે તેથી કોરોનાની ત્રીજી વેવ ઝડપથી આવશે તેવી વાતો નગરમાં ચોરે ને ચૌટે થઈ રહી છે.
- રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે ગુજરાત વહીવટી સેવાના ૩૦ અધિકારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણમાં બઢતી આપવાના આદેશો જારી કર્યા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવે કોરોનાના માત્ર ૧૪ દર્દીઓ સારવાર હેઠળ છે. જે પૈકી ૩ દર્દી વેન્ટીલેટર પર છે.
- કોવિડ-૧૯ના દર્દીઓ ઘટતાં સિવિલ હોસ્પિટલના સાતમા અને ૮મા મજલે મેડીસીનના દર્દીઓને દાખલ કરવામાં આવી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદોનું પ્રમાણ વધી જવા પામ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં શનિ-રવિની રજાના માહોલ વચ્ચે આજે બપોર પછી ઘણી કચેરીઓમાં કર્મચારીઓની સંખ્યા ઓછી જણાતી હતી.
- ઈન-સર્વિસ ડોકટર્સની હડતાલને કારણે જિલ્લામાં આરોગ્ય સેવાઓ ખોરવાઈ જવા પામી હતી.

## આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી ગીર સોમનાથના પ્રવાસે

મુખ્યમંત્રી વિજય રૂપાણી આવતીકાલ શનિવાર તા.૨૬ જૂનના રોજ ગીર સોમનાથની મુલાકાતે જશે. મુખ્યમંત્રી રૂપાણી દ્વારા આવતીકાલે સાંજે ૫.૪૫ કલાકે રામ મંદિર ઓડિટોરિયમ, સોમનાથ ખાતેથી વેરાવળ તાલુકાના સેમરવાવ ગામે ફિલ્ટર પ્લાન્ટનું તેમજ વેરાવળ ખાતે નાયબ પોલીસ અધિક્ષકની નવીન કચેરીનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત મુખ્યમંત્રીના હસ્તે વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં સ્ટ્રોમ વોટર ડ્રેઈન તથા ફૂટપાથનું ખાતમૂર્હુત પણ કરવામાં આવશે. મુખ્યમંત્રી રૂપાણી તા. ૨૭ જૂન રવિવારના રોજ સવારે ભગવાન શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરી ગુજરાતની સુખાકારી માટે પ્રાર્થના કરશે.

## મધ્યસ્થ ગ્રંથાલય સાદરામાં બાળકો વાંચન માટે પ્રેરાયાં

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં બાળકો વાંચી શકે તેવા પુસ્તકો અને સામાયિકોનો સમાવેશ થતાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં નાના બાળકો પણ આ ગ્રંથાલયની મુલાકાત લઈ વાંચન કરે છે. ગાંધીનગરથી ધોરણ-૭ માં અભ્યાસ કરતાં વેદાન્ત પટેલ ગ્રંથાલયમાં મનગમતા પુસ્તકોનું વાંચન કરી રહ્યાનું કાર્ય કરી રહ્યો છે. આજના ઈલેક્ટ્રોનિક સાધનો જેવા કે મોબાઈલ, લેપટોપ, આઈપેડ, કોમ્પ્યુટરમાં રચ્યા પચ્યા બાળકો સમય કાઢી વાંચન માટે જાય અને વાંચન કરે તે અંગેનું અનોખું ઉદાહરણ સાદરામાં જોવા મળે છે.

## કલોલના મોખાસણ ગામે ઈસમે પુત્રને લાફો માર્યા બાદ ઠપકો આપવા ગયેલ માતાને માર માર્યો

કલોલ,તા.૨૫

કલોલના મોખાસણ ગામના ઈસમે પુત્રને લાફો માર્યા બાદ ઠપકો આપવા ગયેલી તેની માતાને પણ બિભત્સ ગાળો બોલીને સાડી ખેંચી હતી. તથા બ્લાઉઝ ફાડીને છાતીના ભાગે હાથ નાખતા કલોલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

કલોલના મોખાસણમાં રહેતી ૩૦ વર્ષીય મહિલાનો પતિ કડિયા કામ કરે છે. જેને બે સંતાનોમાં એક પુત્ર(ઉ. ૧૨) અને એક પુત્રી (ઉ. ૭) છે. ગઈકાલે સાંજના સાતેક વાગ્યાના અરસામાં તેણીનો પતિ કામ અર્થેથી થાકીને ઘરે આવ્યો હતો. તે વખતે ૧૨ વર્ષીય પુત્ર રડતો રડતો ઘરે આવતા દંપતીએ જરૂરી પૂછપરછ કરી હતી. ત્યારે પુત્રએ જણાવ્યું હતું કે મોખાસણ સરકારી દવાખાના પાસે રહેતા જયેશ પ્રહલાદભાઈ રાવળે તેને લાફો માર્યો છે. આથી પતિના કહેવાથી મહિલા તેના પુત્રને લઈ જયેશના ઘરે લાફો મારવાનું કારણ પૂછવા માટે ગઈ હતી. તે વખતે જયેશ ઘરે હાજર ન હોઈ માં દીકરો પોતાના ઘર તરફ જવા માટે નિકળ્યા હતા. એ વખતે આગળ જતાં રસ્તામાં જયેશ મળી ગયો હતો.

જેથી કરીને મહિલા પોતાના પુત્રને લાફો મારવાનું કારણ પૂછતાં જયેશ કહેવા લાગ્યો હતો કે તારે શું કરવું છે. જેનાં પગલે મહિલા કાંઈ કરવું નથી તેમ કહી પુત્રને કેમ માર્યો તે અંગે ફરીવાર પૃચ્છા કરી હતી. જેનાં પગલે જયેશ રાવળ એકદમ ઉશ્કેરાઈ જઈ મહિલાને બિભત્સ ગાળો બોલવા લાગ્યો હતો. જેને ગાળો બોલવાની ના પાડતાં તે વધુ ઉશ્કેરાઈ ને મહિલાની એકદમ નજીક આવી ગયો હતો.

જેનાં કારણે મહિલા એકદમ ડરી ગઈ હતી. પરંતુ ત્યાં સુધીમાં જયેશે મહિલાની સાડી ખેંચી નાખી હતી. અને માર મારવા લાગ્યો હતો. જાહેરમાં મહિલાની સાડી ખેંચીને નહીં અટકેલા જયેશે મહિલાનો બ્લાઉઝ પણ ફાડી નાખી છાતીના ભાગે હાથ નાખ્યો હતો. તે વખતે મહિલાનો દિયર આવી જતાં જયેશ ત્યાંથી ભાગી ગયો હતો.

**જાહેર નિવિદા.૨ સને. ૨૦૨૧-૨૨**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૨, વિજ સબસ્ટેશન, વિધાનસભા, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ટે.નં.૨૩૨ ૫૯૪૬૯/૭૦) દ્વારા વિજળીકરણ લગતા કામ નં. ૧ અને ૭ જેની અંદાજિત કિંમત રૂ. ૩૨૯૨૬.૦૦થી ૨૧૨૭૦૬.૦૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા ઠેકેદારો અથવા જે તે કામના નિષ્ણાત અને અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ પૈકી ક્ર.૧ કામના કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૫/૭/૨૦૧ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૧૩/૭/૨૧ કચેરી સમય સુધી છે.

કામ નં. ૬ તથા ૭ માટે નિષ્ણાંત અને અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે કામ ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૧૩/૭/૨૧, ૧૬.૦૦ કલાક સુધી છે. અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.

માહિતી/૫૦૫/૨૧-૨૨